| | |
|---|---|
| | દાખલ તારીખ: ૦૪.૦૬.૨૦૨૬<br>નોંધ્યા તારીખ : ૦૪.૦૬.૨૦૨૬<br>નિર્ણય તારીખ : ૦૬.૦૬.૨૦૨૬<br>મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૨ |

=======================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. એડી. સેશન્સ જજ (શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં,મુ. વેરાવળ**

=======================================================

**ફો. પ. અ. નં.૨૪૩/૨૦૨૬**
**આંક–**

**રોહીતભાઇ કાળુભાઈ પરમાર,**
ઉ.વ.આ.૩૩, ધંધો :– ખેતી,
ધર્મે :– હિન્દુ, રહે. સારસવા,
તા. વેરાવળ, જી. ગીર સોમનાથ. **......અરજદાર**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર** **.....સામાવાળા**

---

**અરજદાર તરફે વિ. વ.શ્રી આર.વી.ભલગરીયા**
**શ્રી સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા**

---

**:: બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી ::**

**:: કોમન જજમેન્ટ ::**

**(૧)** આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ પ્રભાસપાટણ પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૪૨૬૦૨૧૪/૨૦૨૬ બી.એન.એસ.એસ. ની કલમ :– ૧૧૮(૧), ૧૧૮(૨), ૩૨૩, ૩૫૨, ૩૫૧(૨), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ :– ૧૩૫ મુજબના ગુના સબબ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, તેઓએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

**(૨)** અરજદારોની અરજી સંબંધે સરકારશ્રીને નોટીશ કરવામાં આવતા સરકાર તરફે વિ. પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા હાજર થયેલ છે અને તેઓએ ત. ક. અમલદારશ્રીનું સોગંદનામું રજુ કરેલ છે.

**(૩)** અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી આર.વી.ભલગરીયાની દલીલ છે કે, અમો તા.૧૫.૦૪.૨૦૨૬ ના રોજથી જેલમાં છીએ. હાલના અરજદાર/આરોપીની અરજી નામદાર કોર્ટે અગાઉ નામંજુર કરેલી ત્યારબાદ ચાર્જશીટ ફાઇલ થઇ ગયેલ છે અને હાલની અરજી કરેલ છે. તપાસ પુરી થઇ ગયેલ છે અને અમો સ્થાનીક રહેવાસી હોય નાસી ભાગી જાય તેમ ન હોય અમારી અરજી મંજુર કરવા વિનંતી છે.

**(૪)** ફરિયાદપક્ષે વિ. પબ્લીક પ્રોસીકયુટરશ્રી કે.ડી.વાળાની દલીલ છે કે, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ ધ્યાને લઇ જામીન અરજી નામંજુર કરવા વિનંતી છે. તથા અગાઉ જે જામીન અરજી નામદાર કોર્ટે નામંજુર કરેલ છે તેના સંજોગોમાં કોઇ ફેરફાર થયેલ નથી. હાઇકોર્ટમાં જે જામીન અરજી કરેલી તે વિડ્રો કરેલ છે જેથી તે અરજી પણ નામંજુર કરેલ ગણાય. જેથી હાલની અરજી નામંજુર કરવા વિનંતી છે.

**(૫)** બંને પક્ષકારોની દલીલ, એફ.આઇ.આર., તપાસ કરનાર અમલદાર દ્વારા આંક–૫ થી રજુ કરવામાં આવેલ સોગંદનામું વંચાણે લીધુ. ફરિયાદ હકીકત મુજબ ફરિયાદીએ એવી હકકીત જણાવેલ છે કે, આજરોજ સાંજના સાડા પાંચેક વાગ્યાના અરસામાં હું તથા મારા પિતાજી બંને મોટરસાઇકલ લઇને અમારી નવાપરા ગામે વાડી હોય ત્યાં જતા હતા તે દરમ્યાન વાડીના રસ્તે અમારા કુટુંબી કાકા કાળુભાઇ હાથમાં કોદાળી લઇને ઉભેલા અને અમને રોકાવાનુ કહેલ કે વારંવાર વાડીના શેઢા ઉપર આવેલ વૃક્ષો કેમ કાપી નાખો છો તેમ કહી અમારી સાથે ઝઘડો કરી બળજબરી કરવા લાગેલ, ગાળો આપેલ અને મારા કાકા કાળુભાઇએ ઉશ્કેરાઇ જઇ મારા પિતાને જમણા પડખાના ભાગે મારેલ જેથી હું અને મારા પિતા બંને મોટરસાઇકલ ઉપરથી પડી ગયેલા તે દરમ્યાન મારા કુટુંબી કાકી અમરબેન અને તેનો દિકરો રોહીત આવી ગયેલ અને ગાળો દેવા લાગેલ. રોહીતના હાથમાં કુહાડી હતી તે મને માથાના ભાગે મારેલ. મારા પિતાના શર્ટના ખીસ્સામાં રહેલ પચાસહજાર ઝઘડામાં પડી જતા મારા કાકાનો દિકરો રોહીત તે લઇને જતો રહેલ અને જતા જતા મારા ભાઇના સસરા સામતભાઇ દુરથી આવતા હોય મારા કાકી ત્યાંથી જતા રહેલા અને ધમકી આપેલી મારી સારવાર ચાલુ છે અને હું સંપુર્ણ ભાનમાં છુ તેવી ફીરયાદ તા.૦૭.૦૪.૨૦૨૬ ના રોજ સીવીલ હોસ્પીટલ ખાતેથી પોલીસ રૂબરૂ આપેલ છે. માથાના ભાગે બે ફ્રેકચર

થયેલાનુ અને હેમરેજ થયેલાનુ સર્ટીફિકેટ ચાર્જશીટ સાથે સામેલ છે. આમ, આરોપી/અરજદાર રોહીતભાઇ કાળુભાઇ પરમારનાએ માથામાં કુહાડી મારી ગુનામાં મહ્ત્વનો ભાગ ભજવેલ છે. હાલ ભોગબનનાર સારવાર હેઠળ હોય તેવી કોઇ રજુઆત નથી અને ભયમુકત છે. ચાર્જશીટ ફાઇલ થઇ ગયેલ છે. કાર્યવાહી ચાલવામાં સમય જાય તેમ છે અને જામીન એ નિયમ અને જેલ એ અપવાદ છે તે સિધ્ધાંત ધ્યાને લેતા અરજદારને વધુ સમય જયુડિશ્યલ કસ્ટડીમાં રાખવા યોગ્ય જણાતુ ન હોય યોગ્ય શરતોને આધીન અરજદારને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) અરજદાર/આરોપીની બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવાની હાલની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી–**રોહીતભાઇ કાળુભાઈ પરમાર,** ઉ.વ.આ.૩૩, ધંધો :- ખેતી, ધર્મે :- હિન્દુ, રહે. સારસવા, તા. વેરાવળ, જી. ગીર સોમનાથ નાઓને પ્રભાસપાટણ પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૪૨૬૦૨૧૪/૨૦૨૬ બી.એન.એસ.એસ. ની કલમ :- ૧૧૮(૧), ૧૧૮(૨), ૩૨૩, ૩૫૨, ૩૫૧(૨), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ :- ૧૩૫ મુજબના ગુનાના કામે અરજદાર/ આરોપીએ **રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર)** પુરાના સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા આપ્યેથી, તેઓને નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**:: શરતો ::**

૧) અરજદાર/આરોપીએ તેમની સામેનો કેસ જે અદાલતમાં ચાલે તે અદાલતમાં દરેક મુદતે નિયમિત હાજર રહેવુ.

૨) અરજદાર/આરોપીએ આ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી કોર્ટની પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી.

૩) અરજદાર/આરોપીએ તેમને મળેલ સ્વતંત્રતાનો દુરૂપયોગ કરવો નહી કે ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહીં કે ફરિયાદપક્ષના સાહેદોને

લોભ–લાલચ, ધાક–ધમકી કે અન્ય કોઈપણ પ્રકારે પ્રલોભન આપી ફોડવાનો પ્રયત્ન કરવો નહીં.

૪) અરજદાર/આરોપીએ પોતાનું કાયમી રહેઠાણનું તથા ધંધાનુ સરનામું મોબાઈલ નંબર સહિત રજૂ કરવુ અને તેમાં કોર્ટની પરવાનગી સિવાય કોઈ ફેરફાર કરવો નહીં.

(૩) અરજદાર/આરોપીએ જામીન તથા જાતમુચરકા ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવા.

(૪) આ હુકમની જાણ સંબંધિત કોર્ટને અલગ યાદીથી કરવી.

(૫) અરજદાર/આરોપી હાલ જેલમા હોય, તેઓને આ હુકમની જાણ કરતી યાદી, સંબંધિત જેલ ઓથોરીટીને ઈમેઈલ દ્વારા કરવી.

આજરોજ આ હુકમ તા.૦૬, માહે–જૂન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૬/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬